# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર, સેકટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર - ૨૩૨૫૦૨૯૪ - ૪૪૯૨૭ - ૫૦૩૩૦
ફેક્સ: (૦૭૯)-૨૩૨૫૦૨૮૦ - ૪૪૯૨૬
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in


ક્રમાંક:- મફબ/અકડ/ચુ-૯/મનપા ઓક્ટ્રોય/માર્ચ-૧૯/૨૦૧૮-૧૯/1382 તા. 30 MAR 2019

**વંચાણે લીધા :-**

**૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪/૧૧/૦૭ના ઠરાવ ક્રમાંક:-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.**

**૨. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના તા.૨૧-૦૫-૧૮,તા.૩૧-૦૫-૧૮, તા.૨૨-૦૬-૧૮, તા.૧૮-૦૮-૧૮, તા.૦૧-૦૯-૧૮, તા.૨૮-૦૯-૧૮, તા.૦૫-૧૧-૧૮, તા.૨૯-૧૧-૧૮, તા.૨૬-૧૨-૧૮, તા.૦૭-૦૨-૧૯ અને તા.૨૭-૦૨-૨૦૧૯ના દફતરી હુકમ ક્રમાંક મફબ/ અકડ/ચુ-૯/ મહા.ન.પા.ઓક્ટ્રોય/એપ્રિલ ૨૦૧૮ થી ફેબ્રુઆરી ૨૦૧૯.**

**૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૧૯/૦૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: બજટ-૮૦૨૦૧૭/૭૪૩૪-પી.**

**દફતરી હુકમ :-**

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ-૧ના તા.૧૪/૧૧/૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના તા.૧૬/૩/૨૦૧૦ ના જાહેરનામાથી થતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો પણ આ હેતુસર સમાવેશ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : નપલ /૪૫૨૦૧૬/૫૨૦૭/મથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૪-૧૫માં ઓક્ટ્રોય વળતર માટે જે ગ્રાંટ ફાળવવામાં આવતી હતી તેમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦ ટકા વધારો કરવાનો નિર્ણય કરેલ છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માં મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન(ગ્રાંટ) હેઠળ કુલ રૂ.૨૩૩૭૧૮.૧૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના વંચાણે લીધેલ ક્રમ ૨ પરના દફતરી હુકમથી રાજ્યની મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૮-૧૯ માં એપ્રિલ ૨૦૧૮ થી ફેબ્રુઆરી ૨૦૧૯ સુધીમાં કુલ રૂ!.૨૧૪૨૪૩.૧૦ લાખની ચુકવણી કરવામાં આવેલ છે

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૩ના તા.૧૯/૦૩/૨૦૧૯ના ઠરાવથી રાજયની ૮ મહાનગરપાલિકાઓને માર્ચ-૨૦૧૯ના માસ માટે ગ્રાંટ નિયત ટકાવારી મુજબની રકમ ચુકવવા મુજબ નિર્દિષ્ટ શરતોએ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે. સદરહુ ગ્રાંટ માર્ચ-૨૦૧૯ના માસ માટે કુલ **રૂ!. ૧૯૪,૭૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એકસો ચોરાણુ કરોડ પંચોતેર લાખ પુરા)** નીચે દર્શાવ્યા મુજબ ચુકવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલિકાનું નામ | મળવાપાત્ર રકમ રૂ!. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૭૧૪૩૫૨૯૦ |
| ૨ | સુરત | ૬૦૨૧૧૬૫૬૯ |
| ૩ | વડોદરા | ૨૬૭૯૯૮૫૩૧ |
| ૪ | રાજકોટ | ૧૧૧૭૭૬૦૭૧ |
| ૫ | જામનગર | ૩૦૪૭૪૩૮૧ |
| ૬ | ભાવનગર | ૩૧૯૦૪૫૮૭ |
| ૭ | જૂનાગઢ | ૧૯૦૩૨૭૩૬ |
| ૮ | ગાંધીનગર | ૧૨૭૬૧૮૩૫ |
| | **કુલ** | **૧૯૪૭૫૦૦૦૦૦** |

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૮/૦૪/૨૦૧૭ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓએ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઇ હેતુ માટે ખર્ચ કરી શકશે નહિ.

મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મુકેલ ગ્રાંટની રકમ **રૂ!. ૧૯૪,૭૫,૦૦,૦૦૦/- (એકે રૂપિયા એકસો ચોરાણુ કરોડ પંચોતેર લાખ પુરા)** માંથી ઉધારવાનો રહેશે.

**(બી.સી.પટણી)**
**અધિક કમિશ્નર**
**મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન**
**અને હોદ્દાની રૂએ CEO, GMFB**
**ગાંધીનગર**

**પ્રતિ,**
**મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,**
**અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.**

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ માન. અધ્યક્ષશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.
(૩) કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન, બ્લોક નં ૧, ગ્રાઉન્ડ ફ્લોર, બી-૧ વીંગ, કર્મયોગી ભવન, સેકટર – ૧૦, ગાંધીનગર
(૪) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૫) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
(૭) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત,વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર, અને ગાંધીનગર.
(૮) નાયબ નિયામકશ્રી (નાણાં), ગુ. મ્યુ. ફા. બોર્ડ, ગાંધીનગર તરફ... ઉપર હુકમમાં દર્શાવેલ **રૂ!. ૧૯૪,૭૫,૦૦,૦૦૦/-(એકે રૂપિયા એકસો ચોરાણુ કરોડ પંચોતેર લાખ પુરા)** ની રકમ મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનગરપાલિકાઓને કરવાની સારૂ.
(૯) સીલેકટ ફાઇલ.